## ભગવાનના ચરિત્ર શ્રવણથી ભકિતભાવ વધે છે : પૂજય ગુરૂમા

પુજય ગુરૂમાએ જણાવેલ કે, પરીક્ષિત રાજા શુકદેવજીને પ્રશ્ન કરે છે કે, પરમાત્મા તો સમદર્શી છે. તેમને માટે સૌ સમાન છે, છતાં તેઓ શા માટે હંમેશા દૈત્યોનો વધ કરે છે? ભગવાન પોતે નિસ્વાર્થ હોવા છતાં આમ કઈ રીતે વર્તી શકે? શંકાનું સમાધાન કરતાં શુકદેવજી મહારાજ જણાવે છે કે, પ્રશ્ન ઉત્તમ છે. ભગવાનનાં દરેક ચરિત્ર અદભૂત છે. તેના શ્રવણથી અંતરમાં ભકિતભાવ વધે છે. પરમાત્મા સ્વરૂપ નિર્ગુણ, અજન્મા, અવ્યકત, પ્રકૃતિથી પર, નિરાકાર છે. પોતાની માયાના આધારે ગુણનો સ્વીકાર કરી અવતાર ધારણ કરે છે. તેઓ પોતે જ હણનાર અને હનનનો વિષય છે. શરીર કોઈ પણ યોનિનું હોય તે પરમાત્માનું જ છે. 'એકોહં બહુસ્યામ'. પછી તેમનામાં વેરભાવ જેવું કંઈ હોઈ જ ન શકે, શરીરથી તેઓ સમસ્વરૂપ છે. તેમની બુદ્ધિમાં કોઈ ભેદ નથી. મારનાર તથા બચાવનાર પણ તેઓ જ છે. તેઓ રાગ-દ્વેષ, નિંદા સ્તુતિથી મુકત છે. તેમને કોઈ વેરભાવથી, ક્રોધથી, પ્રેમથી, કામનાથી કે ભયથી કોઈ પણ રીતે યાદ કરીએ પ્રભુ તેનો સ્વીકાર કરે છે. તેમણે કરેલ હિંસામાં વધમાં પણ સૌનું કલ્યાણ નિહિત છે. અસુરોનો વધ પણ તેઓ એટલા માટે કરે છે, અસુરો વધુ પાપ કરતા અટકે અને હણાયેલા રાક્ષસોને પણ પોતાની પરમ ગતિ પ્રદાન કરે છે. ત્યાર પછી દિતિ, અદિતિની અને હિરણ્યકશિપુની કથા આવી. જેમાં ભકત પ્રહલાદનું ચરિત્ર સવિસ્તર વર્ણવવામાં આવ્યું. પ્રહલાદનો ભકિતભાવ, તેમનો પ્રભાવ તથા તેમના સહાધ્યાયીઓને હરિભકિત તરફ વાળવા તેમણે આપેલ સુંદર, મનનીય ઉપદેશની કથા વિગતે વિગતે વર્ણવવામાં આવી. આત્માની અમરતા અને સંસારની અસારતા અંગે રસમય શૈલીમાં પૂ. ગુરૂમાએ સમજ આપી હતી.




પ્રહલાદ, રાક્ષસરાજ હિરણ્યકશપુનો પુત્ર હોવા છતાં તેઓ જન્મપૂર્વે જયારે માતાના ઉદરમાં હતા ત્યારે તેમનાં માતાને દેવર્ષિ નારદે આવેલ ઉપદેશ શ્રવણ કરીને જન્મ થયા પહેલાં જ તેમણે આધ્યાત્મિક સંસ્કારો પ્રાપ્ત કર્યા હતા. તેથી તેમનું મન ભગવાન વિષ્ણુની ભકિતમાં રંગાયું હતું. તેઓ સૌમ્ય સ્વભાવના, વિનયી, અડગ મનના, સર્વહિતૈષી અને નિરાભિમાની હતા અને માનતા કે, ઈશ્વર સિવાયનું સઘળું મિથ્યા છે. તેથી પ્રભુભકિતમાં વ્યસ્ત રહેતા. જે પરમાત્મા ગર્ભસ્થ શિશુની રક્ષા કરે છે તે જ તેના જન્મ પછી બહારના જગતમાં પણ તેની રક્ષા કરે છે. પરંતુ શરીર જવાનો સમય થાય તો કોટિ ઉપાયે પણ તે ટકાવી શકાતું નથી. પ્રારબ્ધ ન હોયતો ઘરમાં રહેલાનું પણ મૃત્યુ થઈ જાય છે અને હરિ ઈચ્છા હોય તો માણસ ગમે ત્યાં બચી જાય છે. આ પ્રારબ્ધનો ખેલ છે અને કર્મ પ્રમાણે સમય સમયે જીવ જન્મ અને મત્યુ પ્રાપ્ત કરે છે.

અજરામર બનવા માટે હિરણ્યકશિપુ ઘોર તપ કરી બ્રહ્માજી પાસેથી પોતાને કોઈ દિવસે કે રાત્રે, ઘરમાં કે બહાર, માનવી કે પશુ પંખી, અસ્ત્ર કે શસ્ત્રથી મારી ન શકે તેવું વરદાન પ્રાપ્ત કરે છે અને અમાપ સત્તાના મદથી છકી જઈ તે ભગવાન વિષ્ણુ સાથેના વેરભાવને કારણે અનક પ્રકારે પ્રહલાદને મારવા પ્રયત્નો કરે છે પણ નિષ્ફળ જાય છે. અંતમાં સર્વવ્યાપી એવા ભગવાન એક સ્થંભમાંથી નૃસિંહ સ્વરૂપે પ્રગટ થઈને ઉંબરા ઉપર પોતાના નખથી હિરણ્યકશિપુનો વધ કરે છે. ધ્રુવચરિત્રમાં જેમ ભગવાન સ્વયં તપસ્વી ધ્રુવનાં દર્શને આવે છે, તે જ રીતે અહીં પણ ભગવાન પોતાના ભકત પ્રહલાદ સમક્ષ પોતે હિરણ્યકશિપુના ત્રાસમાંથી છોડાવવા મોડા પડયા તે માટે ક્ષમાયાચના કરે છે. કેવી વિરલ ઘટના! ભકતને કષ્ટમાંથી ઉગારવા ભગવાન કંઈ પણ કરવા સદૈવ તૈયાર હોય છે. તેમને સદાય ભકતની ચિંતા રહેતી હોય છે. અંતે પ્રહલાદ પ્રભુ પાસે અનન્ય ભકિત માંગી તેમની સ્તુતિ કરે છે.

આજે ચોથા દિવસે, તા. ૨૪-૧૨-૨૦૧૩ના રોજ આગળ વધતા કથાપ્રવાહમાં પૂ. ગુરૂમાએ પોતાની રસાળ શૈલીમાં નૃસિંહ અવતારની કથાનો ઉપસંહાર કરતાં જણાવ્યું કે ભકતોના ઉદ્ધાર માટે તથા તેમનાં વચનને પૂર્ણ કરવા સ્તંભમાંથી પ્રગટ થઈને પ્રહલાદને દર્શન દીધાં. એટલું જ નહીં સ્વયં ભગવાને પોતાના ભકતના દર્શન કર્યાં. આગળની કથામાં પ્રહલાદજીએ સેવાનાં ૬ અંગો બતાવ્યાં (૧) પ્રભુને નમસ્કાર (૨) ભગવાનની સ્તુતિ (૩) કરેલાં કર્મોનું ભગવાનને સમર્પણ (૪) ભગવાનની સેવા પુજા (૫) ભગવાનનાં ભરણાવિંદનું ચિંતન તથા (૬) ભગવત લીલાની કથાનું શ્રવણ કરતા રહેવું.

પ્રગટ થયેલ ભગવાન નૃસિંહ સમક્ષ પ્રાર્થના કરી પ્રહલાદે એવી માંગણી કરી કે તેમના હૃદયમાં કયારેય કોઈ જ જાતની કામના ન ઉદભવે અને તેઓ સાચા ભકત બની રહે, છતાં જો કે, ભગવાન તેમને દૈત્યોના અધિપતિ બની પિતાનું રાજય સંભાળવા જણાવ્યું અને હિરણ્યકશિપના અગ્નિસંસ્કાર પછી સ્વહસ્તે પ્રહલાદનો રાજયાભિષેક કર્યો.

## શબ્દાવલી - પર૬૭



### આડી ચાવી

૧. પડદો, ચક (૪)
૪. વાયરો, હવા (૩)
૭. જશ, આબરૂ, પ્રતિષ્ઠા(૨)
૮. જા જપવા તે (૨)
૧૦. શાંતિ, સુખ (૨)
૧૧. ધનવાન (૪)
૧૨. મુશ્કેલ, કપરૂ (૩)
૧૪. એક ફળ (૪)
૧૭. બટકું ભરવું, ડંખવું (૪)
૧૯. પહોંચ, રીસીપ્ટ (૩)
૨૦. ઝરૂખો, અટારી (૪)
૨૧. લહેરીલાલા (૪)

### ઊભી ચાવી

૧. વિજય (૨)
૨. તાબે, શરણે (૨)
૩. મેશ, અંજન (૨)
૫. જનતા, રૈયત (૩)
૬. આંગળીની કુદરતી શોભા જેવા ટેરવાના હાડકા (૨)
૯. એક વાદ્ય, પખાજ (૪)
૧૨. વશ કરવાની વિદ્યા (૫)
૧૩. કારીકર વર્ગનો અગ્રણી મજુર (૫)
૧૫. બિલાડીના ટોપ જેવો ખાદ્ય પદાર્થ(૪)
૧૬. કાચુ લખાણ, મુસદ્દો (૩)
૧૮. પરૂ, રોગના જંતુની બનાવેલ દવા (૨)
૨૦. લગાર, થોડું, વૃદ્ધાવસ્થા(૨)

### શબ્દાવલી પર૬૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચંદરવો (૩) બુરખો (૫) જિમ (૬) કડિયો (૮) જાદુ (૯) લાસ (૧૦) ખુશામત (૧૨) મિશન (૧૪) નકર (૧૬) ડૂસકુ (૧૮) નિમકહરામ (૨૧) કીડી (૨૨) તટ

**ઊભી ચાવી :-** (૧) ચંદ્રકલા (૨) રવૈયો (૩) બુમ (૪) ખોરડુ (૫) જિગીશા (૭) ડિસમિસ (૮) જાતક (૧૦) ખુન (૧૧) મન (૧૩) શકુનિ (૧૫) રકમ (૧૬) ડૂબકી (૧૭) પાકટ (૧૯) મત (૨૦) રાન

# વીરમાયા ભવન માટે જમીનના વિકલ્પો વિશે પણ વિચારણા કરીએ : વોરા

## વીરમાયા ભવનના નિર્માણ માટે જમીન મેળવવાના પ્રયાસો સંવાદથી આગળ ધપાવીએ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં વીરમાયા ભવનના નિર્માણ માટે જમીન મેળવવાના પ્રયાસો હકારાત્મક દિશામાં આગળ વધી રહ્યા છે ત્યારે આંદોલન નહિ પણ સંવાદના માર્ગે આપણે સૌ આગળ વધીએ તેવી અપીલ સમાજ કલ્યાણ મંત્રી શ્રી રમણલાલ વોરાએ આજે એક નિવેદન દ્વારા કરી છે.

તેમણે જણાવ્યું છે કે વણકર સમાજને જમીન મળે તે માટેના પ્રયાસો તેઓ પણ કરી રહ્યા છે. જમીનનો મુદ્દો ચૂંટણી ટાણે ઉછાળી પૂર્વગ્રહો ઉભા થાય તેવા પ્રયાસો કરવાની પ્રવૃત્તિ નિંદનીય છે. વણકર સમાજને જમીન ફાળવવા અંગેના જે વિકલ્પો મહેસુલ મંત્રીશ્રીએ તત્પરતા બતાવી સૂચવ્યા છે તેના પર પણ વિચારણા કરવામાં સમાજના આગેવાનો આગળ આવે તે જરુરી છે. વ્યકિત નહિ સમાજના હિતમાં સૌ સાથે મળી ચિંતન કરે તે સમાજ પ્રગતિના સોપાન સર કરે છે એ સત્ય ઈતિહાસમાં પણ આલેખાયલું છે.

શ્રી રમણલાલ વોરા, મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા તરફથી એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, ગાંધીનગર ખાતે વણકર સમાજ માટે 'ભવન' બાંધવાના હેતુથી જમીનની માંગણી ૧૯૭૫થી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં દલિત સમાજની ૬૦ કરતા વધારે સંસથાઓ જમીન માટે સમયાંતરે માંગણીઓ કરતી આવી છે તેમ છતાં જમીન કેમ નથી મળી? છેલ્લા કેટલાંક સમયથી રાજય સરકારના આ માટેના હકારાત્મક પ્રયાસો રહ્યા છે પરંતુ કાયદાકીય પ્રક્રિયાને કારણે વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨ દરમિયાન ચૂંટાયેલા ધારાસભ્યો/સંસદસભ્યોને પણ સરકાર પ્લોટ ફાળવી શકી નથી તે સૌ કોઈ જાણે છે.

વણકર સમાજને જમીન મળે, 'ગાંધીનગરમાં વીરમાયા ભવન' બને તે માટે ભૂતકાળમાં પ્રયાસો કરવામાં આવ્યા છે અને વર્તમાનમાં પણ આ પ્રયત્નો ચાલુ છે. સમાજની લાગણી હું સમજું છું અને એ કારણસર સરકારમાં સક્રિય પણ છું, પરંતુ તેમાં અવરોધો ઉભા કરવાના કારણે સફળતા મળતી નથી. ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણી પહેલાં વણકર સમાજે જમીન માટે આંદોલન કર્યું, ૨૦૦૯ની લોકસભાની ચૂંટણી સમયે આંદોલન કર્યું અને હવે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે પણ આંદોલન કરી રહ્યા છે. આ બાબત શંકા પ્રેરે છે. ચૂંટણીના વર્ષમાં જ જમીનની માંગણી કરવાનું યાદ આવે? મને લાગે છે કે હાલના આંદોલનકારીઓ પૂર્વગ્રહથી પિડાઈને માત્ર રમણલાલ વોરાને નુકશાન કરી રહ્યા છે. વણકર સમાજને જમીન મળે તેમાં તેમને કોઈ રસ નથી માત્ર જમીનના મુદ્દે સમાજની સહાનુભૂતિ મેળવવા માટે નિમ્ન કક્ષાના પ્રયાસો આચરી રહ્યા છે.

આંદોલન દરમિયાન માન. મહેસુલ મંત્રીશ્રીએ વણકર સમાજને જમીન આપવાની તત્પરતા બતાવી વિકલ્પો આપ્યા છે તેના ઉપર કોઈ વિચાર સમાજના આ કહેવાતા આગેવાનો તરફથી કેમ કરવામાં આવતો નથી...? હકીકતમાં વણકર સમાજની જમીનમાં તેમને કોઈ રસ નથી પરંતુ સમાજને ગેરમાર્ગે દોરી પોતાનો અહમ સંતોષવો અને કોઈને વ્યકિતગત નુકસાન કરવું એ સિવાય બીજો કોઈ એજન્ડા નથી.

સમગ્ર ગુજરાતના વણકર સમાજને મારી પ્રાર્થના છે કે, નેતાઓને ઓળખો, ગેરમાર્ગે દોરવાયા સિવાય પોતાની રીતે વિચારો, 'સંઘર્ષ નહીં સંવાદ'નો રાહ અપનાવો. રાજયના સમગ્ર વણકર સમાજને નુકશાન ન થાય તે દિશામાં વિચારી, સરકાર સહયોગ કરે તેવા પ્રયત્નો કરીએ.

હું ભૂતકાળમાં-વર્તમાનમાં અને ભવિષ્યમાં સમાજનો શુભ ચિંતક રહ્યો છું અને રહીશ. વ્યકિત ગમે તેટલો મોટો થાય પણ સમાજથી વધુ મોટો થઈ શકતો નથી તેમ અંતમાં શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું.

## ખૂણે... ...ખાંચરેથી

- આજે જુસિકાની સામાન્ય સભા મળશે. જેમાં નવા વર્ષના હોદ્દેદારોની નિયુક્તિ કરાશે.
- સેક્ટર-૨૨માં ૨૦૦ મીટરનો પ્લોટ રૂ. ૧.૩૩ કરોડમાં વેચાણ થયાની વાત બહાર આવી છે.
- ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર આજે જિલ્લા કલેક્ટરને મળ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિક્ટર મેકવાને આજે મનરેગાની સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગરમાં આજે વિદ્યા સહાયકોની ભરતી માટેની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. આજે શિક્ષણ મંત્રી શ્રી ચુડાસમા, વસુબેન ત્રિવેદી અને નાનુભાઈ વાનાણી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

## વિદ્યાર્થીઓના કારકીર્દીના ઘડતર અંગેના સેમિનાર


ગાંધીનગર, તા.૨૪

આઈઆઈટી ખડગપુરના ઉપક્રમે ચેન્જ યોર સેલ્ફ ગ્રુપના શહેર પ્રતિનિધિ મીત જોષી દ્વારા તારીખ ૨૨-૧૨-૨૦૧૩ના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન કડી કેમ્પસ, ગાંધીનગરના બ્રહ્માણી મેમોરિયલ હોલ ખાતે કારિકર્દી માર્ગદર્શન ઉપર એક નિઃશુલ્ક સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્ણ ભાગ લીધેલ. તેઓને જાણીતા શિક્ષણવિદ પ્રો. ગિરિશ બ્રહ્મભટ્ટ દ્વારા એન્જીનીયરિંગ, મેડિકલ, વકીલાત, વિવિધ સરકારી સેવાઓ, આર્ટસ કોમર્સના વિષયો પર સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું. તદુપરાંત સરકારી સેવાઓ જેવી કે આઈએએસ, આઈપીએસ, યુપીએસસી, જીપીએસસી, સીબીઆઈ-સીઆઈડી ઓફિસર વગેરે માટે વિદ્યાર્થીઓએ દાખવેલી જિજ્ઞાસાઓને સંપૂર્ણ રીતે સંતોષવામાં આવી હતી.

સામાન્ય પ્રવાહ દ્વારા પણ અસામાન્ય કારકીર્દી કેવી રીતે ઘડી શકાય? આર્ટમાં જવાને શરમ શાની? વેટર્નિટીં સાયન્સનું મૂલ્ય વિગેરે પર પ્રો. બ્રહ્મભટ્ટ દ્વારા વિસ્તૃત સમજ અને જ્ઞાન પીરસવામાં આવ્યું. ગણિતશાસ્ત્રી તેમજ એરોનિટિકલ ઈજનેર, મેડિકલ તેમજ પેરા મેડિકલ વિદ્યાશાખાઓમાં કારકિર્દી વિશે સમજ આપવામાં આવી. અંતમાં વિદ્યાર્થીઓએ ખૂબ સુંદર પ્રશ્નો દ્વારા પોતાની મુંઝવણો દૂર કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમના સંચાલનમાં મીત જોષી તેમજ તેના સાથીદારો-હર્ષ ઉપાધ્યાય, ધ્વનિલ ઘારેખાન તેમજ વિક્રમ પંચાલ વિગેરેનો વિશેષ સહયોગ સાંપડયો હતો.

ગુજરાતમાં ગૃહ વપરાશના બીલોના યુનિટ નોંધણી વખતે થતી ભૂલો અને ગ્રાહકોની ફરિયાદો વધતાં વિશ્વાસપાત્ર કામગીરીના પુરાવારૂપે વીજળીના બીલમાં હવે ઉત્તર ગુજરાતવીજ કંપની દ્વારા વીજ વપરાશકર્તા ગ્રાહકોને મીટરના ફોટોગ્રાફ સાથેનું વીજ બીલ ચિલોડા ગામમાં આપવામાં આવ્યું હતું. જેમાં વીજબીલમાં મીટર સ્ટ્રેટસમાં હાલનું રીડીંગ નોંધતા પૂર્વે વપરાશથી પોતાના યુનિટ સાથેના સ્કેનનો ફોટોગ્રાફ ફરજિયાતપણે કંપની દ્વારા કામગીરી આરંભી હતી. પરિણામે વીજવપરાશકર્તાને સપ્ટે-ઓક્ટોબર-૨૦૧૩ મહિનાના વીજબીલમાં મીટર રીડરે તે દિવસના સ્ટેટસનો લીધેલો ફોટોગ્રાફ છાપીને બીલમાં આપ્યો છે. આ પ્રયોગ ગાંધીનગરના ચિલોડા ગામમાં હાથ ધર્યો હતો. તે તસવીરમાં દેખાઈ આવે છે. (નટુભાઈ પટેલ)





રળિયામણું પાટનગર હવે ફિલ્મ મેકર્સને આકર્ષી રહ્યું છે. થોડા સમય પહેલા જ એક ઓઈલ કંપનીની જાહેરાતનું શુટીંગ ગાંધીનગરમાં થયું હતું તો આજે વધુ એક શોર્ટ ફિલ્મનું શુટીંગ અહીં કરાયું છે. ગાંધીનગરના ધ અર્થિંગ ગ્રૂપ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓના ભાગ રૂપે એક શોર્ટ ફિલ્મનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ ફિલ્મમાં એક બાળક અને બિઝનેસમેન વચ્ચેના સંવાદને રજૂ કરતી તેમજ હકારાત્મક વિચારો સાથે જીવન જીવવાનો સંદેશ આપતી વાર્તા વણી લેવાઈ છે. આગામી દિવસોમાં ગાંધીનગરના યુવાનોને એક પગથિયું મળી રહે તે હેતુસર યોજાનારી શોર્ટ ફિલ્મ સ્પર્ધામાં આ ફિલ્મ ભાગ લેવા જઈ રહી છે.

## ચિલોડા વિસ્તારમાં શિયાળુ ભીંડાનું વિક્રમજનક વાવેતર

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલા ચિલોડા વિસ્તારમાં ખેડૂતોએ પોતાની ખેતી પ્રત્યેનો લગાવ કંઈક જુદો રંગ બદલી રહ્યા છે. ચોમાસુ સીજનમાં નહીંવત બરકત જણાતાં રોજી-રોટીના પ્રશ્ને વધુ ગંભીર સમસ્યાને નાથવા ખેડૂતો રાત-દિવસ ઠંડી-ગરમી કે વરસાદના માહોલમાં જાત-મહેનત ઝિંદાબાદના સુત્રને સાર્થક કરતાં અનેક પ્રયાસો કરી રહ્યા છે. જય જવાન જય કિસાનના સૂત્રને અનુસરીને કુદરતના ખોળે પુરુષાર્થ એજ પારસમણિથી તન-મન-ધનથી હરહંમેશ દોડતો રહેતો ખેડૂત નિરાશાને ખંખેરી જમીનમાંથી સોનું પેદા કરવાની તાકાત ધરાવતો જગતનો તાત જમીન સાથે બાથ ભીડી રહ્યો છે. બારેમાસ વાવેતર કરવા તત્પર બન્યો છે. પરિણામે શિયાળુ ભીંડાનું વાવેતરમાં ચિલોડાના ખેડૂતોએ કંઈક નવો વિક્રમ સર્જવા પહેલ કરી છે. ચાલુ ચાલે શિયાળુ ભીંડાનું વાવેતર કરવામાં દરેક ખેડૂતે મોંઘુદાટ બિયારણ કરવામાં પાછીપાની કર્યા વિના ૧ કિલોના રૂ. ૧૫૦૦ થી ૨૫૦૦નું મોંઘુદાટ બિયારણ જુદી જુદી કંપનીનું બજારમાં ધૂમ વેચાણ થતાં ખેડૂતો ખરીદીમાં વધુ રસ દાખવી રહ્યા છે. આંરભે ખેતીનો વધુ ભારે ખર્ચમાં ખેડ-ખાતર-પાણી, સર્ટીફાઈડ બિયારણ, રાસાયણિક ખાતર, છાણિયું ખાતર, દિવેલા, ખોળ, રોપણી મજૂરી ખર્ચ, જંતુનાશક દવા વગેરે પાછળ અંદાજે દસથી પંદર હજારનો ખર્ચ ઉઠાવી ખેડૂતો વાવેતરમાં મશગુલ બન્યા છે.

## ક્રિસમસ સેલીબ્રેશન

શહેરના સે-૬-બી ખાતે આવેલી રંગોલી પ્રિસ્કુલમાં ક્રિસમસ સેલીબ્રેશન યોજવામાં આવ્યું હતું. આજ રોજ ક્રિસમસ સેલીબ્રેશનની ઉજવણી રંગોલી પ્રિસ્કુલ સે-૬બી ખાતે યોજવામાં આવી હતી. જેમાં ૨૦૦ બાળકોએ અલગ અલગ કિરદાર ભજવ્યા હતા. તેમજ કાર્યક્રમમાં બુકફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ફુડ કોર્ટ બાળકો દ્વારા બનાવવામાં આવી હતી.

## સે-૫ ખાતે પોથીયાત્રા

સે-૫ ખાતે શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજ રોજ પોથીયાત્રા સે-૫ ખાતે રહેતા જયદીપસિંહ હિંમતસિંહ ચાવડા પરીવારના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૨૯૫/૨ ખાતેથી બપોરે બેન્ડવાજા સાથે ફેરવવામાં આવશે. આ પ્રસંગે સૌ ભકતોને હાજર રહેવા જણાવાયું છે.

## ભારતીય ગ્રાહક દિવસ ઉજવાયો

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમાં આજરોજ 'ભારતીય ગ્રાહક દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય ગ્રાહક દિવસની ઉજવણી હિન્દી વિદ્યાલય સે-૩૦ ખાતે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ગ્રાહક વિભાગીય હિત સુરક્ષા સમિતિ દ્વારા માહિતી પુરી પાડવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને કોઈ પણ વસ્તુની ખરીદી સમજી વિચારીને કરવી જોઈએ લે ભાગુ વેપારીઓ આપણા દેશની બનાવટોને પરદેશની બનાવટોનું નામ આપી છેતરતા હોય છે.

## સેવાલિયામાં સાંતાકલોઝ સાથે નાતાલની ઉજવણી

નવનિર્મિત ગલતેશ્વર તાલુકાના મુખ્યમથક સેવાલિયા ખાતે ગઈ કાલ રાત્રિએ ભગવાન ઈશુના ભકતો ભજન-કિર્તન સાથે સાંતાકલોઝ બનેલા યુવાન સાથે નગરફેરી માટે નિકળ્યા હતા જેથી નાગરિકોમાં અનેરી ઉત્તેજના ફેલાઈ હતી. સાંતાકલોઝે બાળકોને ચોકલેટસ, પેન્સિલ-રબર, કંપાસબોકસ જેવી ગીફટ આપી તેમની સાથે રમત રમી ખુશ કરી દીધા હતા. તેમણે બાળકોને નવું વર્ષ ૨૦૧૪નું સ્વાગત કેવી રીતે કરવું તેમજ શું સાવધાની રાખવી તે અંગે પણ સલાહ આપી હતી. સાથે ભગવાન ઈશુનો સંદેશ પણ આપ્યો હતો. સાથે સાથે દરેકને મેરી ક્રિસમસ કહી શુભેચ્છાઓ પણ પાઠવી હતી.



ભગવાનને શિયાળામાં ઠંડીના વાઘા

ખેડબ્રહ્માામાં શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં શિયાળાની ઠંડીમાં ભગવાનને શાલ ઓઢાડવામાં આવી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ભાવસાર મિત્ર મંડળનો વાર્ષિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૪

ભાવસાર મિત્ર મંડળ ગાંધીનગરનો વાર્ષિક કાર્યક્રમ તા. ૧૨ જાન્યુઆરી રવિવાર સવારે ૧૦-૦૦ કલાકે ડૉ. આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજવામાં આવશે. જેમાં નિવૃત્ત પામેલા અને બઢતી પામેલ કર્મચારીઓનું સન્માન અને તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરવામાં આવશે.

## વાતાવરણ-ઠંડો પવન

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

પરંતુ પવનની ગતિ ખુબ વધુ રહેતા ઠંડીનો અનુભવ વધુ થતો હતો. ઘરના બારી બારણાં બંધ રાખવા પડે તેવો ઠંડો પવન ફુંકાતો હતો. મહત્તમ તાપમાન ૨૫.૮ ડિ.સે. રહેતા દિવસ દરમિયાન તીવ્ર ઠંડીનો અનુભવ થાય છે. આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરી રાખવાની ફરજ પડે છે. ઉત્તર ભારત અને જમ્મુ-કાશ્મીરમાં હાલમાં બરફ વર્ષા થઈ રહી છે. આથી આગામી દિવસોમાં વધુ ઠંડી પડવાની સંભાવના છે.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર

**(કૌશલ્ય વર્ધન કેન્દ્ર, પેથાપુર અને કોલવડા માટે મકાન ભાડે જોઈએ છે)**

આચાર્ય, આઈ.ટી.આઈ., ગાંધીનગરના તાબા નીચે ગામ કોલવડા અને પેથાપુર, તા.જી. ગાંધીનગરમાં કૌશલ્ય વર્ધન કેન્દ્ર (કે.વી.કે.) હાલ કાર્યરત છે. જેના માટે ૩૦ થી ૩૫ ચોરસ મીટરવાળા ૩ થી ૬ રૂમો હવા - ઉજાસ, પાણી, લાઈટ, સંડાસ, બાથરૂમ ધરાવતા મકાનની જરૂરિયાત છે. તો મકાન ભાડે આપવા રસ ધરાવતા ઈસમોએ તા. ૩૧/૧૨/૨૦૧૩ સુધીમાં આચાર્યશ્રી આઈ.ટી.આઈ. ગાંધીનગરને ભાવપત્રક સીલબંધ કવરમાં મોકલી આપવા.

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર

માહિતી/૧૯૮૪/૧૩-૧૪

## અમદાવાદ જિલ્લા પંચાયત
## પંચાયત સિંચાઈ વિભાગ
### ટુંકી મુદતની જાહેર નિવિદા નં. ૧૧/૨૦૧૩-૧૪

કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત સિંચાઈ વિભાગ, જિલ્લા પંચાયત અમદાવાદ તરફથી અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ગામ માટે ગુજરાત રાજયના જાહેર બાંધકામ ખાતાના માન્ય કોન્ટ્રાકટરશ્રીના માન્ય કે નોંધાયેલ સહકારી મંડળીઓ / ઠેકેદારશ્રીઓ / ગ્રામ પંચાયત પાસેથી જુદા જુદા સદર હેઠળના કામોના ભાવપત્રકો (ટેન્ડર) મંગાવવામાં આવે છે. કામની અંદાજીત કિંમત રૂ. ૪.૫૦ લાખથી રૂ. ૪.૫૦ લાખ સુધીની છે. કુલ કામો ૨ છે. ૧ અને ૨ના કામ માટે ગ્રા. પં.ની ઓફર આપવાની છેલ્લા તા. ૨૭/૧૨/૧૩ અને ગ્રા પં.ની ઓફર ન મળે તો અ.નં. ૧ અને ૨ ના કામ માટે મ.કા.સ.મં.ઓને કોરા ભાવપત્રકો (ટેન્ડરો) કચેરીના કામકાજના સમય દરમિયાન ઓફર આપવાની છેલ્લી તા. ૩૦/૧૨/૨૦૧૩ તથા ભાવપત્રકો (ટેન્ડરો) રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૬/૧/૨૦૧૪ રહેશે.

આ કામોની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. તેમજ માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે. નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂમાં સંપર્ક કરવા વિનંતી છે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૬૧૮/૨૦૧૩

## નામ બદલેલ છે

મારુ જુનું નામ દશરથલાલ મફતલાલ નાયી હતું તે બદલી નવું નામ દશરથભાઈ મફતલાલ નાયી રાખેલ છે જેની નોંધ લેવી.

લી.
દશરથભાઈ મફતલાલ નાયી
પ્લોટ નં. ૧૨૪૬/૨,
સેક્ટર-૩એ, ગાંધીનગર

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.